# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૨૬ તા. ૨-૧-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના પ્રાથમિક તથા ઉચ્ચ પ્રાથમિક વિભાગનાં શિક્ષક કર્મચારીઓને જણાવવાનું કે મુખ્ય શિક્ષક જગા માટેની મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (એચ.ટાટ)ની પરીક્ષા જે પ્રા.શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકોએ પાસ કરેલ છે તે તમામ શિક્ષક કર્મચારીઓએ આ સાથે સામેલ નમૂના મુજબનાં આવેદન પત્રકમાં નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ ચોકસાઈપૂર્વક માંગેલ માહિતી ભરી અને પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ સામેલ કરી તા.૧૧-૧-૧૬ થી ૧૬-૧-૧૬ સુધીમાં મુખ્ય ઓફિસ એસ્ટાબ્લીશમેન્ટ વિભાગમાં મળી રહે તે રીતે અચૂક રૂબરૂમાં મોકલી આપવાની રહેશે.

સૂચના :-

૧. પી.ટી.સી.માર્કશીટ, સ્નાતકની માર્કશીટ, તાલીમી સ્નાતક(બી.એડ.)ની માર્કશીટ, અનુસ્નાતકની માર્કશીટ તથા એચ.ટાટ પાસ કરેલ તેની માર્કશીટ અને સીસીસી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પાસ કર્યાનું સર્ટી. આ તમામ માર્કશીટ અને સર્ટી. ઓરીજીનલ તથા પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ સાથે લાવવાનું રહેશે.

૨. પી.ટી.સી./તાલીમ સ્નાતકની ડીગ્રી મેળવેલ યુનિવર્સિટી/સંસ્થાને એન.સી.ટી.ઈ.(ભોપાલ)ની માન્યતા મળેલ છે તે મુજબનું પ્રમાણપત્ર(માન્યતા નંબર,તારીખ સહિત)નું ઓરીજનલ અને પ્રમાણિત ઝેરોક્ષ નકલ સાથે લાવવાનું રહેશે.

૩. અનુ.જાતિ અને અનુ.જનજાતિ કેટેગરીના શિક્ષક / વિદ્યાસહાયકે જાતિનું સક્ષમ અધિકારીશ્રીનું ઓરીજનલ સર્ટી અને પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ સાથે લાવવાનું રહેશે.

૪. નમુના મુજબનું આવેદન પત્રક ચોકસાઈપૂર્વક ભરી જે તે ઝોનમાં આ માહિતીની ચકાસણી સર્વિસબુક પરથી કરાવી આસિ.એ.ઓ.શ્રીનાં સહી/સિક્કા કરાવી લાવવાનાં રહેશે.

૫. અગાઉના પરિપત્ર નં.૧૪૯/તા.૧૯-૩-૧૨ અને પરિપત્ર નં.૧૨૨/તા.૭-૧-૧૪ મુજબ આવેદનપત્ર રજૂ કરેલ છે અને સિનીયોરીટી યાદીમાં જેના નામનો સમાવેશ થયેલ છે તેઓએ પણ આવેદનપત્રક અચૂક ભરીને મોકલવાનું રહેશે.

૬. મુખ્યશિક્ષકની બઢતીથી મળેલ મંજૂરી મુજબની જગામાં સિનીયોરીટી મુજબ આવતા હશો તો જ હાલ મળેલ મંજૂરી મુજબની કુલ જગાની પસંદગી યાદીમાં સમાવેશ થવાને પાત્ર રહેશે. જેની નોંધ લેવી.

આ પરિપત્રની નોંધ શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીએ પોતે તેમજ શાળાના તમામ શિક્ષકો/વિદ્યાસહાયકોને લેવડાવવી અને તે અંગેની સહી લઈ શાળાના દફતરે રાખવાની રહેશે. ઉપરોકત પરિપત્ર અન્વયે માહિતી મોકલવાની બાકી રહેશે તો તેની જવાબદારી સંપૂર્ણપણે શિક્ષક મજકુરની રહેશે.

નોંધ : લાંબી રજા કે અન્ય કારણસર ગેરહાજર હોય તો તે શિક્ષક/વિદ્યાસહાયકોને પણ આ પરિપત્રની જાણ અચૂક કરવી.

તા. ૨-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

મુખ્ય શિક્ષક ભરતી-૨૦૧૫-૧૬

**મુખ્ય શિક્ષક તરીકે બઢતીથી ભરવાની થતી જગામાં સમાવવા અંગેની અરજી પત્રક (આવેદનપત્રક)**

(૧) નામ :-

(૨) શાળાનું નામ :-

(૩) હોદ્દો :-

(૪) જન્મ તારીખ :-

(૫) સળંગ નોકરીની તારીખ :-

(૬) જિલ્લા ફેરબદલીથી આવેલ હોય તો સ્કૂલ બોર્ડમાં દાખલ થયા તારીખ :-

(૭) વિદ્યા સહાયકે નિયમિત પગાર ધોરણમાં મૂકાયા તારીખ :-

(૮) શૈક્ષણિક લાયકાતની વિગત :-

| ક્રમ | પરીક્ષા/લાયકાત | યુનિ. બોર્ડનું નામ | પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પી.ટી.સી. | | | | | | |
| ૨ | સ્નાતક | | | | | | |
| ૩ | તાલીમી સ્નાતક (બી.એડ) | | | | | | |
| ૪ | અનુ. સ્નાતક | | | | | | |
| ૫ | એચ.ટાટ | | | | | | |
| ૬ | સીસીસી કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા | | | | | | |

(ઉપર દર્શાવેલ લાયકાતની માર્કશીટની પ્રમાણિત નકલ તથા પીટીસી / બી.એડની એન.સી.ટી.ઈ માન્યતા અંગેનું સર્ટી.ની પ્રમાણિત નકલ અને એક કરતા વધુ સ્નાતક / અનુ.સ્નાતકની લાયકાત ધરાવતા શિક્ષક મજૂકરે પોતે ઈચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે.)

(૯) નોકરીમાં જોડાયા બાદ લાયકાત મેળવેલ હોય તો ઓફિસની મંજૂરી લીધેલ છે કે નહિ તેની માહિતી ઠરાવ સાથે વિગતે આપવી.

(૧૦) જાતિ / કેટેગરી :-
(અનુ.જાતિ / અનુ.જન જાતિનાં ઉમેદવાર હોય તો જાતિ અંગેનું પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ)

..૨..

(૧૧) પ્રા.શિક્ષકમાં કયા કેટેગરીમાં પસંદગી થયેલ હતી તેની વિગત :-

(૧૨) કુલ અનુભવ વર્ષ : ....... માસ.........દિવસ.......

તારીખ ............ થી તારીખ ..........સુધી

(વિદ્યાસહાયકો નિયમિત પગાર ધોરણમાં મૂકાયા
બાદ પાંચ વર્ષનો અનુભવ ગણવાપાત્ર છે.)

(૧૩) અનુભવની વિગત :-

| **ક્રમ** | **શાળાનું નામ** | **હોદ્દો** | **અનુભવનો સમયગાળો** | **રિમાર્કસ** |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપરોકત જણાવેલ વિગતો સાચી છે. ભવિષ્યમાં ચકાસણી દરમ્યાન દર્શાવેલ માહિતી ખોટી માલુમ પડશે. તો મારી સામે નિયમાનુસાર કાર્યવાહી કરવાની હું સંમતિ આપું છું.

તા.

અરજદારની સહી
(મુખ્ય શિક્ષક ઉમેદવારની સહી)

મહે. શાસનાધિકારી સાહેબ,

સવિનય ઉપરોકત દર્શાવેલ વિગતો સર્વિસબુક પરથી ચકાસણી કરેલ છે. સદરહુ કર્મચારીની સેવાપોથી ઉપરથી ખાત્રી કરતા તેઓની નોકરીમાં સળંગ નોકરી તા.............. છે તથા નિયમિત પગાર ધોરણમાં મૂકાયેલ તા.......................... છે અને જન્મ તારીખ .......................... છે.

તા.

ચકાસણી કરનાર
કર્મચારીની સહી
ઝોન ......

મદદનીશ શાસનાધિકારી
નગર પ્રા.શિ.સમિતિ,અમદાવાદ
ઝોન.........